# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે “રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૧”ની ઉજવણી અંતર્ગત વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે ‘રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૧’ની ઉજવણીના ભાગ રૂપે તારીખ ૧ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આણંદ જિલ્લાના ખેડુત બહેનો, આંગણવાડીની કાર્યકર બહેનો તેમજ શાળાના બાળકો એમ બધા મળી કુલ ૨૯૬ વ્યક્તિઓએ ભાગ લીધેલ હતો. ઉપરોક્ત કાર્યક્રમ ઓનલાઇન તેમજ ઓફલાઇન રાખવામાં આવેલ હતા. જેમાં મહિલાઓ તથા બાળકો માટે સમતોલ આહાર, કુટુંબના સ્વાસ્થ્ય માટે કિચન ગાર્ડનનું મહત્વ, જરૂરી પોષક તત્વો અને તેની ઊણપથી થતા રોગો, રાગી, જુવાર, બાજરી, બંટી જેવા હલકાં ધાન્યમાંથી વિવિધ વાનગી બનાવવી, પોષણ વાટીકા મહાઅભિયાન, વૃક્ષારોપણ, પોષણ શપથ, પોષણ રંગોળી દ્વારા સમજ, રેલી, હલકાં ધાન્યમાંથી પૌષ્ટિક વાનગી હરીફાઇ તેમજ ખેડૂતના ઘરઆંગણે તથા શાળામાં પંદર જેટલા કિચન ગાર્ડન તૈયાર કરાવવા, ૪૦૦ જેટલા ફળ છોડ તથા કિચન ગાર્ડન માટે ૨૦૦ શાકભાજીના બિયારણની કીટનું વિનામૂલ્યે વિતરણ વગેરે જેવા કાર્યક્રમો કરવામાં આવેલ હતા.

સદર કાર્યક્રમોનું આયોજન તેમજ સુચારૂ સંચાલન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડૉ. એ. સી. વૈદ્યના માર્ગદર્શન હેઠળ શ્રીમતિ અંજલી જાદવ, પ્રોગ્રામ આસિસ્ટન્ટ (ગૃહવિજ્ઞાન) દ્વારા કરવામાં આવેલ.

# “રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૧”



















Azadi Ka Amrit Mahotsav








International Year of Millets 2023
Campaign on Nutri-Garden and Tree Plantation
આંતરરાષ્ટ્રિય પોષક અનાજ વર્ષ ૨૦૨૩
પોષણ વાટિકા મહાઅભિયાન તથા વૃક્ષારોપણ
17 September, 2021